BRAMPTON

**Media Release**

તાત્કાલિક પ્રકાશન માટે

# સીટી ઓફ બ્રેમ્પટને શૂન્ય-ઉત્સર્જન બસોને સહાયરૂપ થતી ઉત્તમ અમેરિકાની સૌથી વિશાળ ઈલેક્ટ્રિક બસ ટ્રાન્ઝિટ સગવડોમાંની એક સગવડ બનાવવાની યોજના બનાવી છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જૂન 12, 2020) – ગત જૂન 10, 2020 નાં રોજ, બ્રેમ્પટન સીટી કાઉન્સિલે બ્રેમ્પટન ટ્રાન્ઝિટની સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક ટ્રાન્ઝિટ મેઈન્ટેનન્સ અને સ્ટોરેજ સગવડ માટેની યોજનાઓને મંજૂરી આપી, આ સીટી ઓફ બ્રેમ્પટનને હરિયાળુ શહેર બનાવવાની કટિબદ્ધતામાં સીમાચિહ્નરૂપ છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટની ત્રીજી સગવડ ભવિષ્યમાં સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક, શૂન્ય-ઉત્સર્જન કરતી બસોનો કાફલો રાખવામાં સહાયરૂપ થતી ઉત્તર અમેરિકામાં બંધાનારી સૌથી વિશાળ નવી બસ સગવડોમાંની એક હશે.

આ નવી સગવડનું બાંધકામ બે તબક્કાઓમાં અને વર્ષ 2022 માં શરૂ કરવાનો લક્ષ્યાંક છે, જેમાં તબક્કો 1 અંદાજે વર્ષ 2024 નાં અંત સુધીમાં પૂરું કરવાનો રાખવામાં આવ્યો છે. નવી સગવડનો તબક્કો 1 લગભગ 250 બસો સંઘરે તેવી અપેક્ષા છે, અને તબક્કો 2 વધારાની 188 બસો સંઘરે તેવી અપેક્ષા છે, કુલ 438 બસો. આ સગવડનું બાંધકામ, સંપૂર્ણ ઈલેક્ટ્રિફિકેશન જરૂરિયાતો સહિત, સરકારના અન્ય સ્તરો પાસેથી ભંડોળ મળવા પર આધારિત રહે છે.

સગવડની લાક્ષણિકતાઓમાં, ડિઝાઇન પ્રક્રિયા અને જરૂરી ભંડોળ ઉપલબ્ધતાને અધીન, નીચે જણાવેલા ઘટકો સામેલ છે પરંતુ એટલા સુધી સીમિત રહેતા નથી:

- શૂન્ય-ઉત્સર્જન બેટરી-ઈલેક્ટ્રિક બસોને સહાયરૂપ થવા હાઇ-પાવરના (600kWh) ઓવરહેડ પેન્ટોગ્રાફ ઢબના ચાર્જર્સ અને/અથવા પ્લગ-ઈન ઢબના ઓવરનાઇટ ચાર્જર્સ.
- શૂન્ય-ઉત્સર્જન ફ્યુઅલ સેલ ઈલેક્ટ્રિક બસોને સહાયરૂપ થવા ભવિષ્યમાં હાઇડ્રોજન સ્ટોરેજ ટેંક્સ અને/અથવા હાઇડ્રોજન જનરેશન ઉપકરણની વિચારણા.
- સાઇટ પર ઊર્જા સંગ્રહ ક્ષમતા વડે શ્રેષ્ઠ ઊર્જા કાર્યક્ષમતા પૂરી પાડી શકાશે જેમાં પીક-શેવિંગ અને સ્માર્ટ ગ્રીડ મેનેજમેન્ટ સામેલ છે.
- બસોના કાફલાને ચાર્જ કરવા જરૂરી ઊર્જા માગને સહાયરૂપ થવા સબસ્ટેશન્સ (દા.ત. 20 મેગાવૉટ).
- સગવડના મેઈન્ટેનન્સ વિભાગમાં સમર્પિત વિસ્તારો હાઇ વોલ્ટેજ સિસ્ટમ્સમાં સમારકામને સહાયરૂપ થવા માટે, અને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક બસ કાફલાને સહાયરૂપ થવા જરૂરી ખાસ મેઈન્ટેનન્સ ઉપકરણ અને સાધનો.

આ સગવડના તબક્કા 1 માં હાલનો ઊંચો અંદાજીત ખર્ચ $120-$150 મિલિયનનો રાખવામાં આવ્યો છે. આમાં સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક શૂન્ય-ઉત્સર્જન બસ કાફલો શરૂ કરવા, ઈલેક્ટ્રિક બસો ખરીદવા, અથવા મિલકત ઉપરાંત જરૂરી વધારાની માળખાગત સગવડો જેમ કે સ્ટ્રીટ-પર ઇ-ચાર્જર્સ અને પાવર ગ્રીડ સુધારાઓ માટે જરૂરી વધારાના રોકાણોનો સમાવેશ થતો નથી.

ઇન્વેસ્ટિંગ ઇન કેનેડા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ (ICIP) અને અન્ય ભંડોળ સહિત, બ્રેમ્પટનની 10-વર્ષીય મૂડી આગાહી અને મંજૂર થતા અંદાજપત્રો આધારિત નવી વિકસાવેલી બસો અને તબદીલ કરેલી બસો ખરીદવામાં આવે એટલે ઈલેક્ટ્રિક બસોને સ્થળો પર શરૂ કરવામાં આવશે.

નવી સગવડ માટે ડિઝાઇન અને ભંડોળ પર આગળ વધવા સીટી ઓફ બ્રેમ્પટન અને બ્રેમ્પટન સીટી કાઉન્સિલ સાથે મળીને ઘનિષ્ઠપણે કાર્ય કરી રહ્યાં છે. હાલની ઉતારુઓની ક્ષમતા, ગત ત્રણ વર્ષોમાં ઉચ્ચ વસ્તી વૃદ્ધિ અને અંદાજીત ભાવિ વૃદ્ધિના આધારે, આ નવી ટ્રાન્ઝિટ સગવડ બ્રેમ્પટન માટે મહત્વપૂર્ણ છે.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

ત્રીજી સગવડ વિશે વધુ માહિતી મેળવવા અહેવાલ જોવા માટે, અહીં ક્લિક કરો.

**પૃષ્ઠભૂમિ - ઈલેક્ટ્રિક બસનો પાઈલોટ પ્રોજેક્ટ વર્ષ 2021 માં બ્રેમ્પટનમાં આવી રહ્યો છે**

વર્ષ 2019 નાં જુલાઈમાં, મેયર પૅટ્રિક બ્રાઉને (Patrick Brown), બ્રેમ્પટન સીટી કાઉન્સિલ વતી, બ્રેમ્પટનમાં સીમાચિહ્નરૂપ પૅન-કેનેડિયન ઈલેક્ટ્રિક બસના પ્રદર્શન અને એકીકરણ અજમાયશમાં કેનેડા સરકારના નોંધપાત્ર રોકાણને આવકાર્યું.

માનનીય એન્વાયરોમેન્ટ એન્ડ ક્લાયમેન્ટ ચેન્જ મિનિસ્ટર, કૅથેરીન મૅકેન્ના (Catherine McKenna) દ્વારા પાઈલોટ પ્રોજેક્ટનો તબક્કો 1 માટે $11.15 મિલિયન ભંડોળની ઘોષણા કરવામાં આવી, આ પ્રોજેક્ટ બ્રેમ્પટનમાં બેટરી ઈલેક્ટ્રિક બસોનું પરીક્ષણ કરશે. પોતાના પ્રકારનો આ પ્રથમ વૈશ્વિક એકીકરણ પ્રોજેક્ટ બ્રેમ્પટન ટ્રાન્ઝિટ અને કેનેડિયન અર્બન ટ્રાન્ઝિટ રિસર્ચ એન્ડ ઈનોવેશન કન્ઝોર્ટિયમ (CUTRIC), સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક બસોના ઉત્પાદકો ન્યૂ ફ્લાયર ઈન્ડસ્ટ્રીઝ (New Flyer Industries) અને નોવા બસ (Nova Bus), અને ચાર્જીંગ સ્ટેશન ઉત્પાદકો એબીબી (ABB) અને સીમેન્સ (Siemens) વચ્ચેના સતત સહયોગનું પરિણામ છે. આ અભૂતપૂર્વ પહેલથી બ્રેમ્પટનમાં ઈલેક્ટ્રિક બસોનું અમલીકરણ કરવા સરકારના બહુવિધ સ્તરો, બસ અને ચાર્જર ઉત્પાદકો, સિસ્ટમ ઈન્ટીગ્રેટર્સ, એકેડેમિયા (શિક્ષણ દુનિયા), અને ભંડોળ ભાગીદારો સાથે આવ્યા છે.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ આજે બસોના પોતાના સંપૂર્ણ કાફલામાં 28 ટકાના પ્રતિનિધિત્વ સાથે, 125 ડીઝલ-ઈલેક્ટ્રિક હાઈબ્રિડ ઝુમ બસો વડે પર્યાવરણલક્ષી સ્થિરતામાં આગેવાન છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન કાયમી પરિવહનમાં અગ્રેસર છે. એક સારી રીતે જોડાયેલું, કાયમી ટ્રાન્ઝિટ નેટવર્ક કેનેડાના ઈનોવેશન કોરિડોર પર બ્રેમ્પટનની સ્થિતિ બનાવવામાં નિર્ણાયક છે, અને મને આવી ભાવિ-વિચારસરણી ધરાવતી કાઉન્સિલનો ભાગ બનવાનું ગૌરવ છે. આ નક્કર પગલાઓ આપણાં આબોહવા ફેરફાર લક્ષ્યો હાસલ કરવામાં આપણાં શહેરને વધારે નજીક લાવે છે, સેવામાં મૂકાતી દરેક બેટરી-ઈલેક્ટ્રિક બસની જેમ, આપણે દર વર્ષે, બસ દીઠ લગભગ 235 ટન C02 (કાર્બન ડાયોક્સાઈડ) ઉત્સર્જન બચાવીશું. અમે બ્રેમ્પટનમાં શૂન્ય-ઉત્સર્જન બસો લાવવા, અને આપણાં રહેવાસીઓને ઉત્કૃષ્ટ ટ્રાન્ઝિટ સિસ્ટમથી સેવા આપવા સંઘીય સરકાર સાથે અમારી ભાગીદારી ચાલુ રાખી રહ્યાં છીએ."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"પોતાના પ્રકારની પહેલી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક ટ્રાન્ઝિટ સગવડ બનાવવી અને ભવિષ્યમાં સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક શૂન્ય-ઉત્સર્જન બસ કાફલામાં રૂપાંતરિત કરવું એ આપણી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં અને હરિયાળુ શહેર બનાવવામાં કાઉન્સિલની કટિબદ્ધતાને દર્શાવે છે. આ વર્ષ 2050 સુધીમાં બ્રેમ્પટનમાં ઉત્સર્જીત થતું ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન 80 ટકા જેટલું ઘટાડવાના આપણાં પ્રવાસમાં સીમાચિહ્નરૂપ છે."

- *રૉવેના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"સીટી ઓફ બ્રેમ્પટન કાયમી અને ઊર્જા-કાર્યક્ષમ ટ્રાન્ઝિટ સિસ્ટમ બનાવવા નવીનતમ અને વ્યવહારુ ઉકેલો શોધવા કટિબદ્ધ છે. આ કાઉન્સિલ માટેની અગ્રતા છે, અને અમે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવાની રીતો ઊભી કરવાનું ચાલુ રાખીએ છીએ, જેથી ઊર્જા સુરક્ષાની ખાતરી કરી શકાય, આર્થિક લાભ ઊભો કરી શકાય, અને આબોહવા ફેરફારમાં સ્થિતિસ્થાપકતા વધારી શકાય."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca